ગણીકા ગમન વમન સમ ગણવું, અરે થશે શું એથી—પ્રીતી૦
શું એનાથી કારજ સરશે. એ શું સારૂં કરશે;
સ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે—પ્રીતી૦

૧૨૧ ચંદ્રહાસ

થયા છોરે પતી તેજ પ્યારી તનના ઉર હસી વરી આજે
છેલ છબીલા રૂડાં રંગીલા, રાજપુત્ર પ્રખ્યાત,
જોયા બાગે, અનુરાગે, ચીત લાગે. કેમ ત્યાગે—પ્રભુ૦
મેં તનમન ધન તમને અરપ્યું થઇ રાજી—થયા૦
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયાં, દીલમાં જે ચીત ચાહ.
નોવુ નકી, નોતી વકી, નીસા પકી, વીધી લખી,
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે
મ્હેલ જતાં તેદી તરછોડી, હવે ન મુકું હાથ;
ચાલો આવું મન ભાવ્યું, કેમ નાવું. પ્રીય કહાવું.
હવે હાજર છું તનમન ધન દેવા જેમ પ્રેમ છાજે—થયા૦

૧૨૨ ઉમા દેવડી

છોડો છોડો છબીલા જાઓ હઠો હઠીલા મારી લુટાશે નવલખ—છબીલી૦
તમે મ્હોટા પુરૂષ માહારાજ, પાણી પ્હેલાં બાંધી લ્યોને પાજ—મારી૦
વાહ વાહ વચન રસીલાં, તારા નયન રંગીલા
ગોરી ગાળે ગરવને ગુમાન રસીલી પ્યારી૦
લાગે જેને પ્રીતનુંજ તાન, ગણે નાના મોટા સૌ સમાન—મારી૦
કંથન કયે જગમાં બધા, વિરલા પાલણહાર;
પ્રીત ભગત ભામા સદા, વચન નીભાવણહાર.
મુકો મુકો માનુની ગુમાન, શાણા દાસીછું તારી સુજાણ.
ચાલો ચાલો ચતુર પ્રિય પ્રાણ—છોડો૦

૧૨૩ — અશ્રુમતિ

તગદીર ખુલા તસવીર નજર આતી હે, માસુક તુંહી ખુલ'મુખ મુજે ભાતીહે
તેરે ગાલ ગુલાબી નેન અજબ કાંતીહે, તેરી પતલી કંમર જેસી કમાન
મીલજાતી હે.
હુસ્નોપે તેરેમે ભવર કમર બીલહારા, તેરી નાજુક અદાને મુજે જાનસે મારા
તેરી આંખ ચમકતી રાતદીન દો તારા, તેને મારા ચરમ સમસેર ખે'ચદો ધારા.

૧૨૪ — ઉદયભાણુ

સાહેબા સલુંણા નાની નણુદલના વીરા,
લાલ લટકાલા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહયર મળી હાંસી કરે છે,
બાજી મર'ઘું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા
નાતું શું નાથ એક ઝુમણું ને મહી જીણા જીણા હીરલા જડાવો
નવસેરો મોતીનો હાર મારા સાહેબા જીણા જીણા ચીલમ મુકાવો
જોગવાઇ જાસતી જો હોય મારા વાલમાં કંકણુને માણેક મઢાવો
ગરીબ ધણીને બાઇ ઝાઝું તે શું કહીએ બસ આટલેથી મનવાલીને રહીએ
બાઇસાહેબ મોટા એક પાણો માગી લઈએ—સાહેબ સલુણા

૧૨૫

બટવા ગુંથન દેરે મીઝાજવા—બટવા૦
આજ મોરે બાજેકા બાળા જોબનવા—બટવા૦
ચીકનેમે' ચીકના, પીપળકાં પતવા દુસરા ચીકના ઘીઇ
તીસરા ચીકના ગોરીકા જોબના, યારોકા લલચાઇ જીવ—આજ
નદી કીનારે પંલગ બીછાયા, પાયા ડુલ ડુલ જાય.
કીસ પાપીકી નજર લાગી. મેરા પરદા ખુલ ખુલ જાય—એજી
નદી કીનાારે બગલા બેઠા, ચુન ચુન મછલી ખાય.
બડી મછીને ડંખજ મારા, તલ૫ તલ૫ જીવ જાય—આજ

૧૨૬ — વીક્રમ-ચરીત્ર

કાઇ દુધ લ્યો દીલ રંગી. શોખીલા શાણા ઉમંગી હો—કાઇ૦
કેફી પીયે કસુંબલો, ગાંજો પીએ અબુધ,
દારૂ દીવાના પીયે, ડાના પીયે દુધ—હાં કાઇ૦
એક અમી રસ દેવનો, બીજો રસ છે પ્રેમ.
ત્રીજો રસ ગોરસ ભલો પાધે કાયા હેમ—હાં કાઇ૦
ગોરી ગરવી ગાયના, ગોરાં મારાં દુધ,
હું પણ ગોરી ગોરડી ગોરૂં દીલ છે શુદ્ધ-હાં. કાઇ૦
હેમ કટોરો હાથમાં માંહી અમૃત સાર
ચતુર હોય તે ચિતવે ગુણ સમજે ન ગમાર

૧૨૭ કળાવતી

મારા પીયુ લાગી તમથી પ્રીત, ક્યાં તજી જાઉં હું વાલમાં—મારી૦
તમવીણુ ચેન નહીં પછી કેમ ચાલે, મારે મન ઘડી યુગ જેવી જણાય,
બેટા છનનનનનનનનનન—મારી૦
(દોહરો)—સાચી પ્રીત મીનની જલ વીણુ જીવે કેમ !
તમ દર્શન વીણુ તરફડે આ જીવન પણુ તેમ—મારી૦

૧૨૮ બાહારે ગુલશન

કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગએ.
એકતો મેં નેના કસુંબી કસુંબી રંગ હો ગએ (બેવાર)
કાં કાં જાગે સારી રાત નેના કસુંબી રંગ હો ગએ.
એક તો મેં રાજા મેં રાજાકી બેટી (બેવાર)
મેરા સૈયાં હે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.
એકતો મેં પાનો મે પાનોસે પતલી મેં પાનોસે પતલી (બેવાર)
સજ્યા હે સોલે સણુગાર મેં નેના કસુંબી રંગ હો ગએ.
એકતો અંધેરી અંધેરી અધેરીસી રતીઆ (બેવાર)
બની છાયાં ઘમઘોર નેના કસુંબી રંગ હો ગએ.
એકતો મેં બાલી મેં બાલી મેં બાલીસે ભોળી (બેવાર)
મેરા સૈયાં હે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.

૧૨૯ ભજન રત્ન

તમો સુણો અરજ ઉર મારીરે, ઘરમાં ગરવા ન દે ઘર નારી,
કહેછે ચોળી શીવડાવો, રેશમની સાડી મંગાવો,
ગજરા બંગડી કરાવો પીયુ મારી
પેટની ખાતર હું કરતો લાચારી,
ક્યાંથી શોધી લાવું વસ્ત્રો ભારી,
ગયોછું હારી હું નીજ નારી, આવી દશા થઈ મારી—તમો૦
થાશો ન કોઇ ઘરબારી સંસારી, પ્યારી પરણેથી થારી ખુવારી
શીક્ષા સારી, માનો જે મારી, આથી અકેલો જીંદગી સારી—તમો

૧૩૦ રામ—ચરીત્ર

ભલે જાઓ સીધારો મારા બાલ, (૨) માજી નવ દુખ દીલ ધારોરે,
બાળ પણુ જાઓ શત્રુકાળ, રણુ ભુમી રંગી માતા રાક્ષસ રૂધીર થકી,
પ્રગટે મા પાસાંનો પ્રતાપ, થાઓ બસ જય જય જય જય જયરે—બાળ૦
દળી દળ દુશમનને કેરૂં, દુનીયામાં છાપીશું. દેવ દશરથ કેરી છાપ,
થાઓ બસ જય જય જય જયરે—બાળ૦
વ્હેલા વ્હેલા વલજો વ્હાલા ? વીજયની માલાધારી,
જપુંછું વીજય જપ જાપ, થાઓ બસ જય જય જય જયરે—બાળ૦

૧૩૧ મુળરાજ-સોલંકી

ગુલાબી મધુ પાજે મારા લાલ. મારા રંગ ભીના માહા રાજ,
મારા રસીક છબીલા રાજ—ગુલાબી૦
કામની કેરો કંથડોરે જોબનીયાનું જોર.
રસીયાનો રસ પ્રાણુ છેરે મીઠો મધુરનો તોર—ગુલાબી૦
એક બુંદ બંધન હરેરે પ્યાલો હરે સહુ પાપ,
શીશો સરગનો સાથીડોરે આપે આનંદ અમાપ—ગુલાબી૦

૧૩૨ કરણઘેલો

ચાહે તું ધીક્કાર માર પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણુ સુખમાં ડોલાવીને—ચાહે૦
ચુક પડી ક્ષમા કર કોલા હવે.
શાન્તિ તું પમાડ વીરહ અગ્નિને ઓલાવીને—ચાહે૦
તારા સમાન નથી વ્હાલી બીજી મને
માન મુક માનીતી મન મેદને ખોલાવીને—ચાહે૦

૧૩૩ કનક-તારા

સુલભ સબરે ચલ જાઓ અબ સુંદર પ્યારે.
તુજ હો મારગ સુખદાઇ એ આશીષ હમને સુનાઇ, સુખદ હો અબરે—ચલ૦
ગુરૂ સુમરનમેં ધ્યાન ધર, સુફલ હો તેરા કામ,
નીતી ન્યાયપર રહેનેસે, પાવે સુખ આરામ—સુલભ૦
કભુ આન પડીજ તવાઇ, કેબિપત કછુ બનઆઇ ધીરજ ધર તબરે—ચલ૦
ભજન બખત નહીં ચુકના, રહેના ખુબ હોશીયાર,
સચ્ચા માલીક સંભુ સદાશીવ, રખ ઉસપે આધાર—સુલભ૦

૧૩૪ સૌભાગ્ય-સુંદરી

ધીમાં ધીમાં ચાલો મારા પ્રાણુરે,
પગ નાજુક તમારા આ મચકાઇ જાશે, કમર લચકાઇ જાશે ઓ સુજાણુરે
નાજુક વેલી ફુલસમી, કોમળ આ તુજ કાય,
ધડકે છાતી શ્વાસથી, એ અચળથી ઓળખાય,
પરસેવાનાં બીંદુ આ બાઝયાં મુખે, મુખ રાતું થયું થાક અતી દુખે,
આ છાતીપરે લ્યો વિસામો સુખે—ઓ સુજાણુરે—ધીમા૦

૧૩૫ વીણા-વેલી

ચાલો મારા ચતુર સુજાણુ હાં હાં મારો નહી નયનાં બાણુ હાં હાં
કાળજે ઉતારી તારી મુરિત રસીલા પ્રાણુ—ચાલો૦
ઘાયલ કીધો ત્હેં પ્હેલાં ધુતારી મારી નયનો માર
દાઝયા ઉપર લુણુ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી ભેવટ નાજુક નાજુકડી, માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર.
રસીક વર માર્યો ત્હેં હાય ઠાર ઠાર—કાળજે૦

૧૩૬ પવીત્ર—લીલાવતી

સખીઓ નિજ નિજ નિતી ધર્મ સદા સંભાળીએરે,
પરમ પવીત્ર પતી વ્રત પટકુલ કરી પરીધાન
ભાવ સહીત ભકતીથી નીત ભજીએ ભગવાન,
એવા ઉતમ ગુણુથી ઉભય સુકુળ અજવાલીએરે—ટેક
નજરે નજર ન જોડીએ, નાથ વીના નર સાથ
પરનરને નવ આપીએ, તાલી હાથો હાથ
હસવું રમવું જમવું એકાન્તે નવ બેસવુંરે,
પતી વીણુ પતીના પણ સદા મીત્રોની સંગાથ—એવા૦
નાથ વીના કરવી નહી વીનોદ ક્રીડા વાત,
વીશ્વ વીરૂધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત,
નીરલજ નટખટની સોબત તજવી સુજાત—એવા૦
કુષ્ટી કદરૂપ કુબડો, નિરધન નિરબલ કાય,
મતીહીણુ પતીત પતી મળે, એ સતીને સુર રાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટી આધુ ઓઢીએરે,
સુખકર સાચવીએ સૌ સાથે સંપ શદાય—એવા૦
ઊંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ,
કુલીન બ્હેન કરવો નહી વડીલથી વિવાદ,
ચંચળ ચાલે ચટક મટક ચતુરા નવ ચાલીએરે,
શિવસુત કેશવની શીખામણુ અંતર યાદ—એવા૦

૧૩૭ ઉમા દેવડી

નથી જગતમાં સાથ સંબંધી વીના ત્રીભુવન નાથ
શું ફોકટ ફાંફાં, મારે મુરખડા, ભરે આભથી બાથ
કમળપત્રપર જળ બીંદુને, સુકાતાં શી વાર
શ્રાવણુની જળ ભરી વાદળીઓ, વીખરાતાં શી વાર
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ
પંથી જીવ પામી ગયો નર ભવ નગર બજાર
સોદાગર સમજી જઇ, કરો પુણ્ય વેપાર
જીવ જવું છે ખાલી હાથ અંતરમાં પાપપુણ્ય સંગાથ

૧૩૮ કળાવતી

સ્વામી મળવાની લાણુ, ચહાય આ પ્રાણુ રે? સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણ! સ્વયંવર લાણુ.
તારે હાથ પ્રાણુ, લેજો મારા પ્રાણુ, પ્રાણુ પ્રાણુ પ્રાણુ, સ્વામી,
હવે ચાલો, બહુ ગાલો, વખ્ત ટાલો જરી ભાલો.
કાક પકડે, બાજી બગડે! મશે હાણુ સૌ ટાલે—સ્વામી

૧૩૯ સરદારબા

ગાજે ગગન ઘરરર મગન ઘરરર ઝબકે વીજળીઓ ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વીયોગીના ચીત ચરરર
બીની બાળા હાય અરરર, સ્વામી સોડે પેસે સરરર—ગાજે૦
હરીયાળી ભુમી બળી હરીયાળી વળી વન હરીયાળું સંજોગમાં
અરે વીરહે ઉઠે અગનરે સજની મદન પીડા ક્યાં કહીએ
બાળા રહીયેરે મનમાં મુઝાયરે સજની
નદીઓ ખરરર નાસતી, સાગર સ્વામી પાસ
મોર મધુરીને મળે ચટપટ લાગેરે આવે સામે ભોગી ભેટવારે
માતાજી મ્હેર જો કરે કુમારી કોડે કરગરે મચ્યો મદન મહાવીર
મદન માહાવીર થઇએ માતાજી અમે ચરરર થઇએ થરરર અરે અરરર—ગાજે

૧૪૦ ઉદયભાણુ

પંખી પરદેશી ચિત સોંપી હું આ ચા...લી.
મનને ભાવે તે કરજોરે પુંન્ય શાંચ...લી
તરસ્યાને ટીંગળાંવવા પડદે રાખી પ્રીત,
પુછુ પ્રવીણ પંથીએ, કોણુ ગામની રીત.
શુભ સંદેશો લઇ સંચરજો હું આ ચા...લી
મહા મહીનાનું માવઠું જંગલ મંગલ ગીત,
સમય વિનાનું બોલવું ત્રણેની એક રીત,
વેળા મંડપ માંહી મળજો હું ચા...લી

૧૪૧ અસારૂમતી

શું નટવર વસંત વેષ લેઇ નાચી રહયો નાચી રહયો જગ નચાવી રહયો
કોયલ મધુર મુરલી બની છેડે નટવર કાન
વિરહ ઘેલા ગોપી ગણું તજી નીકળી અભીમાન
રશીઆ વિનાની બની બાળાઓ બાવરી
વેણું વસંત ચિત વિંધી ગયો—શું૦
શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણુજી રાસ રમે છે ખાસ
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકેરે
મહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે
નવ પલ્લવ વાઘો ધરી, પચરંગી શીરપાઘ
ફાગ લાલ સાથી રમે મદનરાજ મહાભાગ્ય
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં
પ્રીતિ ગુલાલ લાલ છાઇ ગયો—શું૦

૧૪૨ વીજયા–વિજય

ધન ભાગ્ય પધાર્યા ભમરા–છો દીલહર ઠાહયા ડમરા
કમલાપતી આપ હું કમલા રસીઆ રસીક સણગાર.
તું પ્રેમ બતાવે ખોટો—પાતર ધર પ્રીતી તોરો
નહી ગુલાબી હજારી ગોટોરે તું છટકેલ છટેલી નાર,
શણગાર મઝા નહી માની–ફોકટ સમજો જીંદગાની
છે ધરમ કરમ ધુંલધાણી—શણગાર—રસીઆ૦
છે વીશય વીષનો પ્યાલો—જમપુર નકી જયાં ઝાલ્યો
ભવ એલે મદનથી માહાલ્યોરે—છો૦ છટેલી૦
હજુ કુંવર તમે છો કાચ–નથી શીખ્યા મદનની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે–હજુ–હજુ—રસીઆ૦

૧૪૩ પવીત્ર લક્ષ્મી

નયન મીલાવી લે ઓ છબીલી નયન મીલાવી લે.
ચટપટ ચીતમાં લાગી ચતુરા ચુંબન કરવા દે.
મોતન માલા જરીયન સાડી જે જોઇએ તે લે–રસીલી
લગની લલના લાગી રહી તુજ ચ્હેરો જોવા દે.
નાજુક વેલી કોમળ ખીલેલી કળી ચુંટવા દે–છબીલી
મદન અગન અંતરમાં લાગી જલદી બુઝાવી દે–છબીલી
આલીંગન આપી અલબેલી ભેટ પ્રેમની લે, છબીલી
અધરામૃત રસ પાન કરાવી મધુર વચન મુખ કહે, રસીલી

૧૪૪ રામ વીયોગ

સાહેલી ! નવ શરમાઈએ,
રસ પાઇએ વળી પીએ, પીને પ્રીતમ ગુણ ગાઇએ છણકાઈ ધડીક રીસાઇએ
રીસાઇએ, માન ખાઇએ, તોએ ઝાઝાં ન માને તણાઇએ સા૦
“ ઊહું કહીએ, આડાં રહીએ, આધા જઇએ, ઓંધા થઇએ.
હાં બા હાં” રીતમાં રહી રીસાઇએ–સાહેલી૦
રહીએ પલ સખી રીસમાં, ઝાઝુ ન કરીએ જોર
વાત વચકતી જાણતાં, ખેંચી લઇએ દોર–સા૦
મોહન મનાવી લઇએ,
તાળી લઇએ, વળી દઇએ, હશી હશીને ખશી ખશી જઇએ–સાહેલી૦
“ આવો રસીઆ, મન વસીઆ, કેવા ધશીયા, ઠીક ઠસીયા,
હાં બા હાં ”–રીતમાં૦ સાહેલી૦

૧૪૫ વીણા વેલો

પધારો સૌભાગી નાર, દાસી પ્રીતમ તુંજ પાયની
સુંદરી રદય હાર, છાયા છબીલા તુજ કાયની.
છો ભાગ્ય દેવી મમ ભામા, રહયા રદય મંદીરે રામા
ભોળા મારા ભરથાર, શાણા શીર સરદાર—દાસી૦
સદા પતિ પ્રીયના અન્ન દાતારે, પતી દેતા ને અમે ખાતારે
રહીએ પતીવડે રંગ રાતારે, વાહ વાહરે—મારા ભાગ્યના ભંડાર
લુંડીછું આ...મારા પ્રાણના આધાર—દાસી૦

૧૪૬ કુંદબાલા

આ દેહ પ્રીતી ભરેલી પ્યારી જાન, સેવામાં લીજીએ મંજુર કીજીએ—આ૦
કોમલ વેલી જોબન ઘેલી બ્હાર ખીલેલી નવેલી, પ્યારી જાન.
ઉર લપટાઇએ પ્રીતી રસ પાઇએ અરસ પરસ અલબેલા મારી જાન—સેવા
માર મદનનો બ્હાર બદનનો પ્યાર વદનનો છકેલી, પ્યારી જાન
મસ્ત બનાવે ધુમ મચાવે રહે પ્રીત રંગ રસ રેલી મારી જાન—સેવા૦

૧૪૭ વીક્રમ ચરીત્ર

નેણુમાં નીંદરા ન આવે જરી, મારા રામ ગયા વનવાસરે—નેણુમાં૦
હંસ વીનાનાં મારાં, સરોવર સુનારે વાઘ વીનાની વન વાટરે—નેણુમાં૦
પંખી વીનાનાં મારાં, પીંજર સુનારે મંદીરીયાં સુના સીતારામરે—નેણુમાં.

૧૪૮ સોભાગ સુંદરી

પ્હેરી ચોલી લટકાં મટકાં કરતાં આવ્યાં, રંગે બોલી સાડી ઓઢી મન લો ભાવ્યાં.
ઝાંઝરનારે ઝણકારે, કર કંકણના ખખડાટે, કાજલથી નેત્ર દીપાવ્યાં—પેહેરી
હવે શરમાવો ઠાલા, શાને ડીયરજી મારા, બોલો—બોલોજી, બોલો, બોલો
મેં કેવાં તમારાં નખરાં તો જણાવ્યાં—પેહેરી

૧૪૯ રસીક—મણી

બાદીલા બેગે આયોરે મોરો જોબન બીતો જાય—બા૦
ચંદા તોરી ચાંદની, સુતી પલંગ બીછાય
જબ જાગું તબ એકલી. મરૂં કટારી ખાય—બા૦
પ્રીતમ પ્રીતમ લગાયકે, છોડ ગપે પરદેશ
જાવું વાકે યાદમેં, લઊં જોગનકા બેશ—બા૦

૧૫૦ બારીસટર

પથ્થરને મુરખો પુજે, તાંણે ટીલાં લઇ કપાળ
વહેમોની વાતો સુઝે પરણાવે નાનાં બાળ,
કરે બદકામ બોળે હીંદ નામ, ઠરે નીચ ઠામ, મુકેછે નામૂ
લીયે જુઠ દામ, મળે શું આરામ, વા છે હીંદુ તમામ

૧૫૧ જયરાજ

મોહન આવો મલપતાને પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ મારા રાય રમોને રંગ.
સલુણા સાહેબાજી હો, મોરે મનમોહની લાગી રાજ
આજ ભરી ભરી રંગ તમોને છાંટું છબીલા છેલ
ચૌદ બ્રહ્માંડ ચકીત બને એવા ખાંતે બતાવું ખેલ—સ૦
એક છબી છે આપની એવી સુરજ કોટી સમાય,
પારસ પીરસી કંચન થાશું હર્ષ હૈયે ન સમાય—સ૦

૧૫૨ રામ ચરીત્ર

અરે વાહરે વાહ નાથ મારા રસીઆ રંગીલા સ્વામીરે.
રંગ રંગીલા સ્વામીરે, છેલ છબીલા સ્વામીરે—અરે૦
પ્રેમ સુધારસ પાઓ સીતાજી, અધીર મન અકળાય.
લટકાળા, મટકાળા, રઢીઆળા, મણી માળા,
મળ્યાં ઉત્તમ મને જનકની બાળા આથી વામીરે,

૧૫૩ સુંદર વેણી

ગરબો રમવાને ગોરી નીશરયાંરે લોલ.
રાધીકા રસીલી જેનું નામ અભીરામ વ્રજ વાસણીરે લોલ
તાલી દેતાં વાગે ઝાંઝર ઝુમણારે લોલ.
રમે રમે ગોકુલની નારી પીયા સંગ પ્યારીરે,
ધુમે ધુમે શ્યામને શ્યામ તે પર જાઉં વારી રમે સાહેલીરે રાધીકા
સજી સજી સોળે સણગાર ઠમકતી ચાલેરે.
ભજી ભજી નંદલાલનું નામ ગોકુલીએ ગામ અતીશે માલેરે—રાધા૦

૧૫૪ ઉદય ભાનુ

જે કરશે તે ભરશે કોઇ શું કરશે, બાવળ વાવીને આમ્ર સ્વાદ કેમ લેશે
કેસુડે વાસ ન મળશે, નહી કેતકી કદીએ ફળશે જે વાવે તેવું લણશે,
કરણી સરખા ફળ દેશે.
કૌવચ સંગતથી રંગતથી રંગત શું રહેશે? ચંડન ઝાડનથી ગંધ અખંડ
મદ મધ પુડે જે વળશે, મધ ભાગ્ય હશે તો મળશે [ન જવેશે.
પણ ચટકો તો નવ ટળશે, આ દેશે પરદેશે.

૧૫૫ જગદેવ પરમાર

થઇ ઘણો વિદેશ વિખ્યાત, ઘેરે વિર વેલો આવજે (૨)
મારા બંધુ કીરતી ગજાવજે—થઇ૦
મારી રઢીયાળા વીરમતી, માટ સુડામણી લાવજે—મારા૦
તુંને સદા અંબીકા સહાય, પરાક્રમી કહાવજે—મારા૦
થઇ રણમાં આગળ વીર, વીર તું કુળ દીપાવજે—મારા૦

૧૫૬ ત્રીવીક્રમ

મુખ નહીં બોલે બાળા તમારી પ્રેમ તણો જે પંથ
બાના સુખને જો ઇચ્છો તો, અરપો યોગ્યેજ કંથ—બા૦
દ્રવ્ય ન જોશો, મહેલે ન મોશો, જોશો ન કુળ અભીમાન
વિધ્યારે જો જો, વચને જો જો, રૂપ સુગ્ગુણખંત—બા૦
કરી પરીક્ષા પછી સોંપજો, નીજ કુંવરીતાનો હાથ,
નાલાયક નરને દેશો તો, દુઃખે આવશે અંત.

૧૫૭ ભરથરી

અયે કમજાત પીંગલા તેને, બહોત દગા દીયા
ભાઇ જેસા ભાઇ મેને, દેશ નીકાલ કીયા—અયે૦
તેરેપર ઇતબાર રખા, તે બુરા કીયા, જન્મ મેરા આજ તે ખરાબ કરદીયા
નીરદોષ મેરા બંધુ, માલવ દેશશે ગયા, નઠોર કઠોર નારી જાત દીલમે નહીં દયા

૧૫૮

ધનવાનો ખરચો ધન, વીચારી મન
કરો દેશોન્નતીનાં કામ, મળી સહુ અરપી તનમન ધન—ધનવાનો૦
પરમાર્થે કરો ધરી પ્રીત, ચતુરાઇ ચલાવી ચીત
સુમારગે વાપરો વીત, ફળ મળશે મનવાંછીત
મીથ્યા માનો તન ધન,઼ઓ ગુણીજન—ધનવાનો૦

૧૫૯

અહો મારી દીલજાન, કરૂં, જીયા કુરબાન, તારા પ્યારસે બદલામ તું સમજ
તારા ઘરની જો પાસ, ફેરા ખાઊં દીનરાત નથી થતો મેલાપ તું સમજ
પ્યારી દીલજાન, સાચુ કહું છું માન, જોઇ સુરત જવાન હું હતો હયરાન
તારી ભમર કમાન, જાણી પરી સમાન, જોઇ મીઠી ઝબાન, હુ થયો ગુલતાન
પ્યારા દીલદાર છો દયાના હાર, તમે મારા સરદાર હું તમારી નાર
મને ખરો આધાર છે, તમારો પ્યાર નહીં ગમે સંસાર આપ વીના
લગાર—તુ સમજ—અહો૦

૧૬૦ દાવ પેચ

પ્યારી મોસે સોનેકા હરવા બનાએલે, હરવા મનાકે મોહે ગરવા લગાએલે
ગોરી ગોરી બૈયાંકી ચુરયાંભી લાએદે, હાં ચુરયાંભી લાએદે ચુનરીયાં રંગાએદે
બોલે બાલે મોરે છેલછબાલે પે, જાઉંગી મએં બલહાર
યેહ ઔરત કયસી હય મક્કાર, કયસી સજું કયસી બનું
ઠહર તો જરા ખબરદાર, ખુબ છલા પીકા

૧૬૧ દાવપેચ

મય આફતકા પર કાલા હું સબ્બો હીકમત ફીતરતવાલા હું
રગડે ઝગડેકી હાંડીમે હલદી મીર્ચ મસાલા હું
કીસમતકા મારા પીટા હું મય ફીરજી મીર ફજીતા હું
લુચ્ચે ગુંડડે શોહદે બદમાશોકા મય તો દાદા હું
તુમ મુજકો સાંપ સમઝો ભુતોંકા બાપ સમઝો
દુનીયાંકા પાપ સમઝો જો ચાહો આપ સમજો

૧૬૨ દાવપેચ

જા ચીતમે ચીંતા બસે ચેત ચયન હર જાએ યા દુખકી દારૂ કહો મનકો
લો બહેલાએ

જાઓ સખી પીયાકો લે આવો શામકો મોરે અંગન વારે
આજ તારે મનમે કલક હંય ન્યારે રોજ પીયા તોસે મીલત હંય પ્યારે
ગયરોંસે મીલના મીલના યેહ હમકો સતાના; ન દીલ બહેલાના પીયરવા

ભોળા પ્રેમી–ગજલ ૧૬૩

કમળ ભોળું, કુમુદ ભોળું, ભ્રમર ભોળો, દિવાનાં છે,
જે જેનું ન તે તેનું, પ્રેમી પ્રેમી જુઠાના ?
ભ્રમર ગુંજે કમર કુમુદે, ન જેને છે કદર તેની,
દિલ તેઓ તણા નભમાં, પ્રેમી પ્રેમી જુઠાના ?
કમલ પ્રેમી રવિનું જે, કુમુદ બાઝયું રાશીને જે,
ફરે ઉંચો તે એ પરવા, પ્રેમી પ્રેમી જુઠાના?
કમલ, ભમરા, કુમુદ જેવું, હદય મ્હારૂં ખરે ભોળું,
કુદે, બાજે, પડે પાછું, પ્રેમી પાહાડ પાણો છે?
ઇચ્છે દાસ થાવાને, ન કોઇ રાખતુ તેને,
બિચારૂં દિલ આ કહે છે, “ પ્રેમી પહાડ પાણો છે.”
મનની પ્રીત દીઠી મેં, આકલ મોતી જેવી તે,
લાહુ લાકડાનો સ્નેહ, પ્રેમી પહાડ પાણો છે?
હવે મનજી મુશાફર તું, બહેતર જા બિયા બાંને,
કરીલે પ્રીત પક્ષીથી, પ્રેમી પહાડ પાણો છો?
નિશ્વાસે ભરયું હૈયું, શ્રુવથી ભર્યો ચક્ષુ,
મગજ બલતું કહે છે; હાં? પ્રેમી પહાડ પાણો છે?

૧૬૪ સોભાગ્ય–સુંદરી

મારા તતમાં મનમાં ભર્યો છે ઠર્યો છે ભય જાઉં ગજ જોતી,
વળી ગુમાવ્યું મેં ભાગતાં ભાગતાં (૨) નકવેસરનું મોતી–મારા૦
હાલવું ચાલવું હારીછું હાય જીવ મારો ગભરાય,
કેદી ફરી મારૂં મળશે મોતી, ગેરી હું કાઢીશ ગોતી–મારા૦

૧૬૫

કહીં લાખો નીરાશામાં અમર આશા છુપાઇ છે?
ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઇ છે?
જુદાઇ જીંન્દગી ભરની કરી રો રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા, અગર ગરદન કપાઇ છે?
ઘડીના વસ્લની આવી, સનમ પણ છેતર્યા ચાલી,
હજારો રાત વાતોમાં ગમાવી એ કમાઇ છે?
જખ્મ દુનીયાં જબાનોના મુશીબત ખોફના ખંજર,
કતલમાં એ કદમ બોસી ઉપર કયા મત ખુદાઇ છે?
શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ,
અગમ ગમની ખરાબીમાં, મજેદારી લુટાઇ છે?
ફના કરવું ફના થાવું, ફનામાં રાહ સમાઇ છે,
પરીને જીવવાનો મન્ન દીલબરની દુહાઇ છે?
જહરનું નામ લે શોધી તુંરત પીલે ખુશીથી તું,
સનમના હાથની છેલી હકીકતની રફાઇ છે?
સદા દીલમાં તડપવામાં સનમની રાહ રોશન છે?
તડપતે તુટતાં અંદર ખડી માશુક શાંઇ છે?
ચમનમાં આવીને ઉભો ગુલોપર આફરીં થઇતુ,
ગુલોના બારથી બચતાં બદન ગુલને નવાઇ છે?
હજારો ઓલીયા મુરશીદ ગયા માશુકમાં ડુલી,
ન ડુલ્યા તે મુવા એવી કલામો સખ્ત ગાઇ છે?

૧૬૬ ચંદ્રહાસ

વટસાવિત્રી વૃત આજ, પુરણ કરીએ રે;
લઇ કુમકુમ અક્ષત હાથ, ફળતો ધરીએ રે;
છે પવિત્ર વસ્ત્રો બેન, આપણે અંગે રે;
કરો પુંજન વડનું આજ, સૈયર સંગેરે.
વિધિ આ વ્રત તણીરે, સાચવો તમો;
તો તો મંગળ તમારૂં થાયરે, આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો.
શાસ્ત્ર વિશે સુંદરતા શીએની લખી
તેથી તમારૂં રૂડું થાયરે, આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો
કંકણ કર વિશે ચમકે તમારાં, અંબોડા શિરપર શોભે છે સારા
એ સૌ રહેશે રૂપાળાં, વૃતની વિધિ સંભાળો.
ઝાંઝરનો ઝમકારો તમારો, લટકો મટકો ને ચટકો તમારો
ખટકો હોય જો પ્યારો, વ્રતની વિધિ સંભાળો ૫૮૦

૧૬૭ બારીસ્ટર

બાલા શાણી તું શમાણી મને લાગે રે વ્હાલી.
લાગેરે વ્હાલા સલુણી કાલીરે કાલી;
અંતર છલકાય મારૂં હર્ષથી ભરેલું આ,
વાળું કેમ આપનો આભાર હોજી આજ—બાલા૦
લેજોજી સંભાલ ફરીઆદ ગરીબ કેરી,
આવીશ જલદી ન અકલા લગાર ડાહી આજ–બાલા૦
વાહવાહરે મારી રંગીલી માલણ, હાં હાંરે મારી છબીલી માલણ.
ધન્ય છે તારૂં ચાંપલી રૂડું નામ
પાચ પટાનો ઘાઘરોને ફરતી મેલાવી ઝુલ;
ગોરી તારા ઓઢણે, આ દીલ કરૂછું ડુલ રે—મારી૦
સોના કેરો ચાંદલો ને માંહી મુંકયું નંગ;
અણીઆલી આ આંખ્યો દેખી, નાનો થાય દંગરે—મારી૦
ફુલવાડીની ફુલસૈયામાં, નીત્ય કરતું મોજ;
રંગે ચંગને આનંદે, પ્યારા મારી રોજરે—મારી૦
ખાધું પીધું તેજ બાપનું, શું આવે છે સાથ;
મરતા જાય સૌ મુકીને, ખાલી બને હાથરે—મારી૦

ગઝલ ૧૬૮

અહાં ! હું એકલો દુનિયા બિયા બાંમાં સુનો ભટકું;
રઝલતો ઇસ્કને રસ્તે અહિં તહિં આંધળો અટકુ;
બતાવી રાહ આ જેણે ગયાં તે શું દગો દેઇ?
રિબાવી રોવરાવી, ને શું રમશો ખાકથી મ્હારી?
સુણાવું લો કવિતા આ ઝીલું રસ નેત્રથી ઝરતો?
હૃદય હૃદયે મીલાવો તો જીવું ઉઠું પડયો મરતો?
અરે ! તે બાલપણાના કયાં ગયાં સાથી બધા સાચા
ગઇ કયાં પ્રાણ પ્યારી તે ! રહી ભાગ આ વાચા?
સુણાવું તેય કયા બેસી ! નથીકો ઠામ રોવાનું?
ભરયું છે બે કદર દુનિયા વીષે જયાં ત્યા વગોવાનું.
અરે ઉસ્તાદ ! કયાં પાયો મને આ ઇસ્કનો પ્યાલો?
કર્યો સંસાર ભર સુનો; વફાઇ કયાં મળે? ચાલો?
ઉથામ્યાં ધર્મ સાસ્ત્રોને, ગણાયો જ્ઞાની પંડીતમાં,
ઠરી દ્દષ્ટિ નકો ઠામે, પ્રીતી રીતી અખંડીતમાં?
અહીં તહીં આ ભટકવામાં નથી શાન્તિ તણી આશા;
સીતમગર ! લે, ધરી ગરદન; નીરાશા એજ છે આશા?

૧૬૯ કુંદબાળા

જાઓ જાઓ એવી પાપી વાણી બોલતાં લજાઓ
કાળુ મ્હોડું કરી આવતાં શું નહી શરમાઓ જાઓ.
છોડી મુજ પ્રાનધાર કરૂં બીજા ભરથાર ?
છોડી ધરમ વિચાર, તજી દઇ સાચો પ્યાર !
વસાવું પાપી વિકાર, મુજ અંતર મોઝાર;
કરતાં એવો ઉચ્ચાર, જાઓ લજાઓ લગાર. જાઓ
પ્રીતમની પ્રીતનહી જીવગયે પણ છોડું
અવર પુરૂસ સાથે કદી પ્રેમ નહીં જોડું.
રહી સત્ય ધરમે ચહી પ્રાણ પ્યારો સહી સંકટો એલહી સદા વિચારો
નહીં હું કદી થાઉ તાબે તમારે, મને કોઇની છે ન પરવા લગાર. જાઓ૦

૧૭૦ સતી સુંદરબા

અરે આ અબળાનો પોકાર નાથ જરી સાંભળો રે—
કહું હું કરગરી સોસો વાર વારે વ્હેલા વળોરે—
દુઃખીયારી આ નાર બીચારી......જરડે—
સ્વામી તમવિણ સતીના સંકટ કો...ણ હરે—
કર કરૂણા કીરતાર—અરે૦
સીતા સતી તારામતી દમયંતી દેહ દુઃખ વેઠતી—
સતીઓને દુઃખ આવે અતી પણ સત્ય કદી નહિં છોડતી—
ઘડી સુખને ઘડી દુઃખ એવી આ જગતની છે રીતી
ધીરજ ધરોને બાઇ થાશે—સહાય શ્રી સીતાપતી—અરે.

૧૭૧

છું ક્ષત્રિય કેરો તન, પાપીનો પરાજય કરૂં રે; સુશીલા
ગરજાવી મુકુ હું ગગન, ત્યારેજ અન્નમુખ ધરૂં રે,
દુશમન વિડારણ કાજ, પાપીનો પરાજય કરૂં રે,
અવતાર ધર્યા મેં આજ, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.
નથી ભીતિ ચિત્તમો ઝાર. પાપીનો પરાજય કરૂં રે;
મારી કાપી કરૂં હું ઠાર, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.
હજી છે શુરવીરનો અંશ, પરાજય કરૂં રે,
પૃથ્વી નથી ગઇ નિરવંશ, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.
માઝા મુકી નથી હજી ભાન, પાપાનો પરાજય કરૂં રે,
શશિએ નથી બદલ્યું સ્થાન, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.

૧૭૨ સુંદરવેણી

સિપાઇ તેરી નાલીશ કરૂંગી પોલીસમે, તેં મેરા બટવા ચુરાએ—એ પટવે.
બટવા ચુરા અગુઠી ચુરાઇ, જોબન લુટાયા મુફતમે. એ પટવે—નાલીસ.

૧૭૩ માનશીંહ અભયશીંહ

ફેંકી દીધો જ્યાં કીરતારે પછી કોણ ચડે ત્યાં વ્હારે,
આપે દુઃખ તે મરજી ધારે, વિધી હોય પ્રતીકુળ ત્યારે
રહેવા દે ન કયાંય કરારે. આવી પીડા આવે જ્યારે,
મુંગા ક્યાં જઇને પોકારે, પકડી ખુબ કદિનો મારે,
તેવી પીડા થઇ છે મારે, અરે પીડા થઈ છે હાય !
અરેરે પીડા થઇ છે હાય ? ફેંકી૦
રાજ ગુમાવ્યું સ્હેજ સાજમાં, રમ્મત ગમ્મત કરતાં કરતાં,
ભાઈ ગુમાવ્યો સોના જેવો હાય ! જંગલમાં ફરતા ફરતાં
દુઃખની બાજી જોવા સારૂં, હું જીવ્યોછું મરતાં મરતાં
ક્યારે મલશે ભ્રાત ટકયોછું. બસએ આશા ધરતાં ધરતાં
હકીકત જે કઇ આપે જાણી, એ છે મ્હારી દુઃખની કહાણી
કહેતાં આવે આંખે પાંણી
શાંત તો થવાયના દુઃખ થાય હા? હા? જીવથી જવાયના દુઃખ થાય હા ! હા
જો સુખીઓ ધારો તો હું છું જો દુખીઓ ધારોતો હું છું
ધીર ક્ષત્રી બાલક હું છું રહું છું આ અવતારે ફેંકી૦

૧૭૪ રસીકમણી.

ચલરે ગાગર ચલરે ગાગર જમુનાજી જઇએ જમુનાજી રળીઆમણારે ગાગર
ધુમે ચરે૦
પાંણીડા જાંઉ તો મને તડકોરે લાગે સાહેબા ચંદરવા બંધાવો રે, ગાગર
ધુમે ચલરે૦
શેરીએ ચાલુતો મને કાંટારા ભાગે સાહેબા ગાલીચા ઢલાવોરે ગાગરધુમે ચલરે.

૧૭૫ સોભાગ્યસુંદરી

પીલે શરાબ મજેદાર મેરે યાર—પીલે૦
જાહીર દિલકો જોસમેં લાવે, રંજો હટાવે હજાર મેરે યાર. પીલે૦
દરદ તમામકો ગર્દ કરતહે શરદમેં બહોત બહાર મેરે યાર. પીલે૦

૧૭૬ ત્રીવીક્રમ

રમ ઝુમ ઠુમ ઠુમ પગ દઇ પ્યારીરે ફરીએ
ઓ પ્રીત નવી આ પ્રીત દીલમાં ધરીએ
હો મધુર સુધારસ પાન તમારૂં સ્નેહ થકી કરએ.
કરયું રાજપાટ કુરબાન તમોને જોઇ
તમ વિના પ્રેમદા ઉમ્મર આટલી ખોઇ
તો પ્રાણ ફીદા છે તમોનેરે વરીએ,
હો મધુર સુધારસ પાન તમારૂં સ્નેહ થકી કરીએ,
જઇ બાગ વીશે તમ રાગ રાગણી સુણીએ
રતુ રતુ તણા શૃંગાર સુખ ભોગવીએ
હો કામ કળા રતી પતિને રીઝવીએ. હે.

૧૭૭ ભરથરી

હાય કેમ સહેશે ઉજ્જેની રંડાપો સહેશે ઉજ્જેની રંડાપો
ઘણી થઇ છે રાજાજી માફ રાખો—હાય,
આણુ લક્ષ માળવાનાં છો સ્વામી કોડીલા રૂપને ખામી
ગૌર અંગે ભભુત શી જામીરે હાય૦
એક બાજુ કૃષ્ણા તમારી રૂએ ચંદ્રકળા ચોધારી નીર સુએ
બાપુ સુખે ન આજ કોઇ સુએરે હાય,
મેહેલે મેહેલે વીલાપ છાયો છે પવન શોકનો સઘળે વાયો છે.
કુલકુલતાં બાઈઓને ભાઇઓ ઝેરે હાય૦
ખાંધે લટકી શી ભગવી આ ઝોલી આવયા વસ્ત્ર ક્યાં ગેરૂ ઝબોળી
હાય હઇડામાં પ્રગટાવી હોળી રે—હાય૦
નથી વિક્રમભાના કંઇ આશા કીધા કરમે એવારે તમાશા
એણે બીજાં જંગલ ક્યાંઈ વાસ્યારે—હાય૦
ધણીનો ધારાં અમને ફરોમાં આવું અણધારયું પગલું ભરોમાં
જોગી જીવતાં ચિતામાં ધરો મારે—હાય૦

૧૭૮ કનકતારા

પૈસા પૈસા પૈસા તેરી અજબ બના બલીહારી
સભી જહાંમે પૈસા સબપર કરતાં તું સરદારી !
તેરે બીના ન ચલે કીસીકાં તેરી સુરી સુરત પ્યારી
તેરી ખાતર હમને સરપર ઉઠાઇએ દુશવારી.
પૈસેવાલે ખુબસુરત ! બિન પૈસેવાલે મૂરખ !
આયે બારેતઅલા તેરી અજબ બની હએ કુદરત
પૈસેવાલોંકી સભી કરતે તાબેદારી.

૧૭૯ કામસન રસીકા

ચંદ્રમુખીને એકલી મુકીને હું આવ્યો અહી.
પ્રિતીની જાળ તોડીને જીવ કર્યો મેં પ્રીય સહી.
ધીકક હહે છે જીવવું ધીકકાર ફરવામાં અંહી
પ્રાણથી પ્રિય પત્નિ જે છોડીને હું આવ્યો—અંહીં—ચંદ્ર૦
મારી અવસ્થા શી થઇ છોડી જતાં પ્રિયા તને
નીરજીવ થઇ હવે કરૂં તેથી ભલું મરવું અહીં. ચંદ્ર

૧૮૦ ઉમાદેવડી

તારી નીંદના ગઇ તારૂં જીવતર જોલાખાય હો હંસા
જોબન ધન જાશે જરૂ ઉડે જેમ કપુર
ભગવતને ભજ ભાવથી શું હંસા ચાટે ધુલ,
બહોત ગઇ થોડી રહી ચેતન કાંઇક ચેત
કાળ ઊંદરડો કાતરે તારૂં ઉતમ આયુષ્ય ક્ષેત્ર

૧૮૧ વીણાવેલી

કાયા કાચો કુંભછે જીવ મુસાફર પાસ
ર્હારો ત્યાં લગી જાણજે જયાંલગી શ્વાસો શ્વાસ
સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લહીએ,
રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ—સદા૦
પીપલ્ર પાન ખરતાં હસ્તી કુંપલીઆં;
મુજવીતી તુજ વીતશે ધીરી બાપડીઆં.
નહી જેવીને તેવી નિત્ય કોઇની નભતી જોઈએ
દશાના ઢંગ રૂતુંના રંગ જેવા દેખી લઇએ—સદા૦
કદી મ્હોલતો માળીઆં, કોઇ દીન છપ્પર ખાટ;
કોઇ દિન એવો આવશે, ભૂખ્યાં ન મલે ભાત—સદા૦

૧૮૨ ઉદયભાણ

બાળા ભોળાંરે કુમારકા, પરણીને પસ્તાયાં રે,
પહેલાં ફુલી થયાં ફાળકાં, હૈડામાં હરખાયાં રે;
ચાર દીન વહુ લાડકા, મનડામાં મલકાયા રે,
બન્યા એકદમ કાળકા, અંતરમાં અકળાયાં રે;
મ્હેંતો જાણ્યું કે બાઇ ફુલડે પુજાઉંશું,
ખાજા જલેબી નિત્ય નિત્ય ખાઈશું—
મ્હેં આગલથી, મનમાં ધાર્યું, માન મહી મરડાઇશું
નણદીના વીરાને ઘડી ટીંગળાવી ભાઓલે ભુ પાઇશું રે,
મોહન મળીઆ, વાતમાં વાઢીઆ..............
નળીઆં ખખડીયાં, વાણી ઉચારાયાં લે (લે રાંડ દીવો)
મ્હેં કહયું ઉંહું (૨)...........
ચડસમાં ચઢીઆ, ખુબ ફફળીઆ
ઉંહુંનું ઓસડ-ધોકા પડીઆ-પરણી
પરણ્યો પીટયો પર ઘેર ભટકે, ઘરમાં ન ખાવા પીવારે;
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા કુલ દીવારે,
ઓશીઆળા થાઇએ, હે યેસી ઝાઇએ—પંડે પીડાઇએ,
તોયે એ બાઇ રે-ધોકે ધીબાએ-પરણી૦

૧૮૩ લીલાવતી

કામણગારી નારી કહેને મને વાત તારી રે.
છેલછબીલી છબી ફાંકડી આ દીસે અદભુત,
ગુણ હીણો ગામડીઓ મુહો એતો ભમતો ભુત કામણ૦
ચતુર વીચીક્ષણ તુ ચતુરા ને ઘણો મૂરખ સરદાર
ચંપકવરણી કેમ ચાલે છે ગમારથી ઘરબાર, કામણ

૧૮૪

મોહોલે પધારો મહારાજ મણીધર મોહોલે પધારો
વહાલા પધારો વૃજરાજ મણીધર મોહોલે પધારો
સાખી–કરી રાખી એ એકઠી ઘણા દીવસની ગોઠ
રાજ મલેતો કીજીએ આવી રહી મારે હોઠ—મણીધર૦
હું પણ દાસી બાવલી બાહયા મહની લાજ
જોબન લેહેરે જાય છે મનોને મારા રાજ—મણીધર૦
હું સરખી બહું આપને મારે તેઃ એકજ આપ
રહેવાતુ નથી રાજવીણ કોને કહું પરીતાપ—મણીધર૦
સેજ અમારી ફુલડે આનંદ ઉર ન સમાય
પ્રાણજીવન ત્યાં પોઢસો હું તો તલસીસ પ્યારા પ્રાણ—મણી૦
પ્રીતમદાસ દયાતણા શ્રી વૃજરાજ કુમાર
ઘણા દીવસની હોસ છે પુરો પ્રાણ આધાર—મણીધર૦

૧૮૫

કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારા રે–કાનુડો૦
જળરે જમુનાના તીરે હું તો ભરવાને ગઇતીરે.
કાનુડે ઉડાડયાં આછા નીર ઉડયાં–ફરરરરરરે—કાનુડો૦
જમુનાને કાંઠે વાલે રાસ રચ્યો છે.
સોલસે ગોપીના ઝાલ્યા ચીર ફાડયા–ચરરરરરરે—કાનુડો૦
હું તો વરણાગી કાના તમારારે નામનીરે,
કાનુડે તાણીને મારયા તીર વાગ્યા–અરરરરરરે
બાઈ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી–ફરરરરરરે—કાનુડો૦

૧૮૬ મદન–વસંત

કહું વાત હું વિગતે વિચાર, વનિતાં ? વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર, વનિતા ! વખત વધુ ન લગાડ–
વિધ વિધ સાડી, પહેરાવું દાડી કમખાને ચોળીને ચણીયોને નાડી
હાર હીરાનાને માળ સુંવાળી ઝાંઝર ઝુમણુ, મોંતીની વાળી
ખવરાવું પકવાન, થાતું તો જાડી પગમાં એ જોડા ને છતરી લે કાળી
ચડવાને ગાડી ને ફરવાને વાડી હું તારો લાડો ને તું મારી લાડી
હું તારો પાડો ને તું મારી પાડી મીઠા મીઠા મેવા ને જોઇ જોઇને લેવા૦
બહેરાજીના વીહવા, નહી ખાવા કે પીવા તું ચાલને થા તૈયાર વનિતા૦–કહું

૧૮૭ જુગલ-જુગારી

અમો અબળાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી
પ્રીત વ્હાલીરે—અમો૦
વસ્ત્ર કરાવો, ઘરેણા ઘડાવો; મોતીડે મઢેતો મન ખાલીરે ખાલીરે,
ખાલી મન ખાલીરે—અમો૦
નેહની નજરે નાથજી મારા નારી બને ઘેલી કાલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો૦

૧૮૮ ચંદ્રહાસ

ડરમાં તું દીલસાથ છોકરા, ડરમાં તું દીલસાથ,
તુંને કોઇ ન મારે લાત, છોકરા૦
તુંને સંભાળું પ્રીતિથી પાળું ચાલ તુંને મારો મેહેલ દેખાડું
ઘરેણા વસ્ત્ર સરાં સારાં કાઢું, ચાલ તું જો મારા મેહલના ચીત્રો
રમકડાં રૂડાં ન્યારા વીચીત્રો, અરે મારા કેવા છે કંકણુ હાથ
જોજે મારે કેવા કંકણુ હાથ—છોકરા૦
તમે માયાળું દીલદયાલું સૌના કહયા વીના હું નહી આવું
માત પીતા તમ ભ્રાતકો પાવું, વિષયાજી એહું સત્ય કહાવું
નાના નહીં હું તો ત્યાં નહી આવું, તમે મુકો મારો હાથ-છોકરા૦

૧૮૯ નવલ-કુસુમ

સ્વીકારો સલુણી મારા પ્રેમની નીશાની
મન મોહના હું માથે ચઢાવવું—સ્વીકારો૦
એ નિશાનીથી બંધાણી મારા નાથની સદાની,
મનમોહના હું જીવથી જડાઉં—સ્વીકારો૦
હવે તો હું તારો તું મારી સદાની,
સાક્ષી શુભાણુ દેવ, લગ્ન કીયાની.
દર્શ હું સુંશાણી દર્શ હું દેશ હું સુશાણી—સ્વીકારો૦

૧૯૦ કળાવતી

શું બાધ કરમાવો કોમળ ગુલાબીઆ ફુલ
યોવન નવરંગેથી કાંઇ ખીલતું ટપકેથી લાલી અમુલ—શું૦
રંગનો રસીલો વેગ્લો આવીને મળશે ફીકું પાડે.
પીરાં નયનોથી નયનો મીલાવી ખીલવશે પ્યારું અમુલ—શું૦

૧૯૧ વીણાવેલી

પ્યારેતોરે અંગમે ફુલનકી બહાર હય સૈયાં, ફુલનકી બાજુબંધ ફુલનકા
ઓરસોહે ફુલનકા ગલે હાર હય—પ્યારે૦ [ગજરા
નેના કમલ ઓર ચહેરા ગુલાબ હય, ગોરે ગોરે ગાલ સૈયાં ગુલે અનાર
હય—પ્યારે૦

લાવણી—રંગત ખડી
સકરકંદ સાથે પાપડીબાઇના લગન.

કહું એક કહાંની બહુ હસવાની ધ્યાન ધરી સહું સમજો સજન:
સકરકંન ઉપર પ્રસન્ન પાપડી બાઇએ કીધાં લગન

ચોક ૧ લો. ૧૯૨

એક દહાડાને સમે પાપડી બાઇએ દીલમાં કીધો વીચાર,
અબલા નારી હું તો કુંવારી કયાં સુધી જુરૂં હરબાર.
રૂપવંતી હું જાતે જુવંતી ખીલી જો રહયું બંનેનો બહાર
જાય મારી આ ફોકટ જવાની માટે જોઉં કંઇ સુખ સંસાર.

ચાલ ૧૯૩

એવો અંદેસો દીલમાં કરીને આગલ પગલાં ખુબ ભરીને
બાહારથી આવી ઘેર ફરીને દીલમાં તેણી ખુબ થઇ મગન

ચોક ૨ જો. ૧૯૪

તુરત તેડાવી ચોરી બાઇને કહે મારે ઘર આવો આજ,
જનમ પતરી આ લઇ જઇ મારી, કરો મારૂ કોઇ સાથે કાજ.
કાજ કરજો મારૂં એવા નરથી કે બુજે મારા તનમાની દાજ,
દાજ બુજી કોઇ કાલે કરે નહી મને કદીબી જુંડો અવાજ,

ચાલ. ૧૯૫

કામ કરો જઇ એટલું મારૂં દામ થાય તે લેજો તમારૂં
ઢુંડો વીચારી ઘર કોઇ સારૂં બુજે મારા તનમાંની અગન
સકરકંદ ઉપર થઇ પ્રસન પાપડી બાઇએ કીધાં લગન.

ચોક ૩ જો. ૧૯૬

આલ્યાં ચોરી બાઇ લટકો કરીને ઢુંડી લાયા જઇ ભીંડાને
જોઇ ભીંડાનું રૂપને ભાગાં પાપડીબાઇ બહુ ડરવાને,
પસંદ કીધો નહી ભીંડા ભાઇને ત્યારે લાયા પપેટાને,
પાપડી બાઇની સાંએ લાવીને ચોરી બાઇ તેને વખાને.

ચાલ. ૧૯૭

જુઓ પાપડીબાઇ આ બીજો નર ઉભો તમારી સાંએ દીલબર
એથી વધુ કોણ મલશે સુંદર થાઓ તમે એપર પરસન.
સકરકંદપર થઇ પ્રસન બહુ પાપડી બાઇએ કીધાં લગન.

ચોક ૪ થો ૧૯૮

પસંદ આયા નહીં બંને તેવારે ત્રીજાને ચોરી લઇ આવી
નામ સકરકંદ એનું એમ કઇ પાપડાબાઇને સમજાવી.
પાપડી બાઇનું જીતી લીધું મન લાલ સકરકંદ દેખાડાવી
પ્રસંન થયાં પાપડીબાઇ તેપર દીવસ લગનનો ઠેરાવી.

ચાલ. ૧૯૯

સુભ સુરત દેખડાવી ભાઇ રાજી થયાં બહુ પાપડી બાઇ
મીજલસ તરકારીના ભરાઇ પાપડી બાઇનું હરખે મન
સકરકંદ ઉપર થઈ પ્રસન પાપડી બાઇએ કર્યાં લગન.

ચોક ૫ મો ૨૦૦

ગલકાં, તુરીયાં કંટોલા ને કારેલાંની લાગી હાર,
દુધી તુરાઇ વેગન કોબી કારી-ફુલાવર કરે પુકાર.
ઉલકર સલગમ મુરા વેલાતી મેનીજમાં ઊભા સરદાર,
ભીંડા પપેટા બહુ જણાઓ બળવા લાગ્યા જોઇ દીબદાર.

ચાલ. ૨૦૧

મેનીજમાં મેથીના ભાજી ચોલાઇ ખટુમરો આવી જાજી
સકરકંદપન થઇ પ્રસન બહુ પાપડીબાઇએ કીધાં લગન

ચોક ૬ ઠો ૨૦૨

ફ્રેંચ-બીટ કવરા-આટ બંને સૈયર આવી ભપંક કરા.
ગરીબ બાચારી ગુવારફળી જોઇ તેને દીલમાં રહી ડરી.
સીંગ વટાણાની તીનદોરાં દાંગર ફનસ સાથે કાકડી
ગાજર દબલબીજ કાંદા રતાળુ સરગવાની સીંગ આવા ફરા.

ચાલ. ૨૦૩

તામેટા ભાજી દાંભાની આલુ મુલા ને તાંદલ જામા
મગની સીંગ ભાજી ટાંકલાનો ખુબ નાચવાં લાગું સુરન,
સકરકંદ પર થઈ પ્રસન બહુ પાપડી બાઇએ કીધાં લગન.

ચોક ૭ મો. ૨૦૪

મોગરી બાઇ બહુ મગન થઇને તોરથી ખુબ ગાવા લાગી.
કાચા ચીભડા કુદે ચોકમા તેને સમજાવા લાગી.
હથીચોક ને બીલમરી બંને મરાઇને બહાર જાવા લાગી;
પડી ચોધારી વચ્ચે આડી તેને તે પતાવવા લાગી.

ચાલ. ૨૦૫

લગન થયાં બહુ ધુમ ધામથી આવી તરકારી ગામે ગામથી
પાપડી બાઇ થયાં ફારેગ કામથી કરવા લાગા અમન ચમન,
સકરકંદપર થઇ પરસન બહુ પાપડી બાઇએ કીધાં લગન,

ચોક ૮ મો ૨૦૬

મહીના રહ્યા પછી પાપડીબાઇને પેટે થયાં બે બાળ નાદાન
એક પુત્ર એક પુત્રી અવતરી સાર સહી કહે છે નશરવાન.
નામ આપ્યું વાલ કરીને પુત્રનું સમજો દીલજાન,
નામ તીતોરી પુત્રી બાઇનું આપી દીધો પુરો અરમાન.

ચાલ. ૨૦૭

ફરશરામની ફત્તે આજે કરે છે અબદુલહુસેન આજે
ફરામ ફરેહુન ફરમાં ગાજે બળે બદલના કુળ દુશ્મન
સકરકંદ ઉપર થઈ પ્રસન પાપડી બાઇએ કીધાં લગન

૨૦૮ કનકતારા

મુંતો મારવાડસો બણીઆરે મુંબઇ શેહેરમાં આયો,
મારવાડસે નાકલ્યો જબતો પાંઉમે નહીથો જુતો
ઘાસલેટરી ફેરી ફરીને પાંજરાપોલમે સુતા—મુંતો૦
વ્યાજ બટારો ધંધો કરકે પૈશા પોંચ કમાયો,
આધી આધી જમે કરીને લાડીજીરે લાયો—મુંતો૦

૨૦૯ કુલીન—કાંન્તા

મામા આવો જુલમ કાં સહન કરોરે,
કાં સહન કરોરે! શીદ દુઃખી ફરોરે, શાને માટે મન શોક ભરો! મામા૦
આપ પ્રતાપે પહોચું હું આપે હાર ખાશું એમ નહી આપદીલડરોરે મામા
પ્રજા રીબાયે દુઃખા થાયે, કેમ તેની નહીં દયા લેશ ઉર ધરોરે—શાને—મામા.
મારૂં કરણને, લાવું ચરણમાં, વીખી તોડી ફોડી નાખું તો ભાણેજ ખરો
રેશાને—મામા૦

૨૧૦ ભરથરી

શુણ સ્ત્રી જીત ભરથરી ભુપ, ઉજેની તારીમાં ન રહુરે
રાખ ચતુરાઇ રહે હવે ચુપ—ઉજેની૦
હવે માલવાનું અંન નહી ખાઉ—ઉજેની૦
વેગે અરણ્યમાં ચાલ્યો હું તો જાઉ—ઉજેની૦
ધિક ધિક લપટાણો મતિ મંદ—ઉજેની૦
ફટ ફટ સમજ્યો ન નારી ફંદ—ઉજેની૦
ફસ્યો પીંગળાના પાપી પઝાંમાં—ઉજેની૦
વાગે ત્યારે સંભારજે તેના ઘાય—ઉજેની૦
ચાલ્યો જાઉં સાચે ક્ષત્રી ધરી હામ—ઉજેની૦
તારી ઉજેનીમાં ટકવું હરામ—ઉજેની૦

૨૧૧

તોફાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે
મસ્તાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે
જંજાળી જીવડા નાવ તમારૂં ગોથાં ખાયરે
માયા પીશું સુતા મુરખ જાગો કરો ઝટ સ્હાયરે—તોફાની૦
પાપી પવનનાં ખાઇ પછાડા, ભેખડે જઇને ભરાયરે—તોફાની૦
મહા સાગર મહા માપી આવ્યા ખાડે આવીને ખુચી જાયરે—તોફાની૦
લખ ચોરાશી બંદર રખડયા, ફોગટ ફેરો તે થાયરે—તોફાની૦
વિજય કાન્ત હરનામ હલેસે, સંભાળો શાણા જો સચવાયરે—તોફા૦

લાવણી—રંગત ઝીકડયાની.

જુવો સુધરેલી નાર—તેના ભપકાનો શું બહાર
નવી ફ્રાસીન ઉપર માર—ચાલે ટેકીલી શું ચાલ
બોડીસ અંગમાં તતર બન્દ—જોઇ ધની થાએ પસન્દ
તેમાં માને શું આનન્દ—કોટક જુઓ તેમના હાલ.

૧

માથે કાતરેલા બાલ—રાખી સોભાવે કપાલ
લેડી યુરોપ્યન મીસાલ—નારી સુધરેલી જવાન.
અરધે માથે માથાબાનું—પુરૂં તેનું ક્યાં ઠેકાનું
નામનુજ રાખે ગુલબાનું—કરે મજબનું અપમાન.
પોલકો પેહેરે કેવો ટાઇટ—દીસે લસ્કરી તે નાઇટ
જાણે રમતી હોએ ફ્રાઇટ—એવું દેખાડે ગુમાન.
છતી આંખે અપંગ થાએ—ચશ્મો પેહરીને હરખાએ
ફીલસુફ જેવી તે દેખાએ—પણ અધુરૂં તેનું ગ્નાન.
એકએ પાલવા પર બીરાજે—એંડ સ્ટાન ખુબ છાજે
સુન્દરીઓના નખરાં નાજે—સાચું કહું છું આજ કાલ.
બોડીસ અંગમાં તતર બન્દ—જોઇ ધની થાએ પસન્દ
તેમાં માને શું આનન્દ—કોટક જુઓ તેમના હાલ.

૨

સોડ સાડીની ખભાપર—વાહવા દીસે શું બરાબર
પેટ કસેલા કમ્મર—નાઝુકાઇનો નહી પાર.
ફાંકડી લઇને છત્રી હાત—ચાલે દીયર લવના સાત
કરે ઇંગલીશમાં વાત—આ સુધરેલી ગુલનાર,
સખી લવની લોકેટ અન્દર—જોઇ શીખેલી આ સુન્દર
મગન થાએ ખરેખર—ચુમ્મી લઇ વારમવાર.
કેવા કોટક કરી મરે—જુઠા વરની ઉપર ધરે
લોક લાજથી ના ડરે—કરે જરા નહીં વીચાર.
જરા જરામાં દમામ—કરે હાડકાંની હરામ
બટલર ઉપર તમામ—ગુસા કરે મેલી આમ.
બોડીસ અંગમાં તતરબન્દ—જોઇ ધની થાએ પસન્દ
માને તેમાં શું આનન્દ—કોટક જુવો તેમના હાલ.

૩

બધી ઇંગરેજી રીત—રાખે દેશી રીતની છીત
કેવી સુધારાની જીત—સહમજો તેનું જરા બ્યાન.
નહી વડવાઓનું માન—કે નહી કોમનું અભીમાન
જુતી મહજબના ફરમાન—નારો થઈ નાફરમાન.
દીલમાં ખુદાનો નહી ડર—જરા રાખે આ કુદરર
નારો થઇને બે ડર—રાખે પારકાઓપર ધ્યાન.
પાક લગનનો કોલ—તોડી નાખે બોલે બોલ
જુવા સુધરેલીનો ડોલ—કેવી થઇ અનીતી માન.
કાહાડે આળસમાં દીવસ—બધી વાતે નબરવસ
થઇ રાખે બદ હવસ—લઇને કેળવણી થઇ ન્યાલ.

બોડીસ આંગમાં તતરબન્દ—જોઇ ધની થાએ પસન્દ
માને તેમાં શું આનન્દ—કોટક જુવો તેમના હાલ.

૪

કોઇ શીખેલી કુંવારી—તેની જુવો હુશીયારી
થાવું એવાની હું પ્યારી—કે જે હોએ બેરીસ્તર.
પીટર ટરનરને નહી ન્યાલું—કરો મોહોડું તેમનું કાલું
પરણી એવાસે કેમ ચાલું—સમજો મારા પપા દીઅર.
ટેસ્ટ સુધરેલા સ્વીકારે—કબુલ તેને કરવો મારે
રોજ ફરવા લઇ સાથારે—ફાંકડો મલે એવો વર.
ખરો લાયક તે કેહવાએ—તજી દીયે બાપ ને માએ
મને એકલીને ચાહાએ—કરે મારીજ બસ ફીકર.
બાંગલા જેવો મળે ધની—તેની મોહોરદાર બના
વખણાવું ફેમીલીમાં ધની—મારૂં રોશન ઇકબાલ
બોડીસ આંગમાં તતરબન્દ—જોઇ ધની થાએ પસન્દ
માને તેમાં શું આનન્દ—કોટક જુવો તેમના હાલ.

૫

જલસા નાટકની શોકીન—બાનુ સુધરેલી શીરીન
રાગ વીદયામાં પ્રવીન—થઇ આજે બીલકુલ.
કેળવણીના આ પ્રતાપ—એમે જલસામાં મા બાપ
મારે સીલ્લાનો શું તાપ—મીજલસ થાએ ખુશી કુલ.
ફુટ બોલની રમત—રમે કુદવાની સરત
વાહાવા પડે શું ગમ્મત—ઝીખાઇ પડે બાનું ગુલ.
બેટી ઇનામ જીતી જાએ—તેના બાવાજી હરખાએ
સંગીન સુધારો કે આવે—પડો સુધારપર ઘુલ.
તાલો સનસારનો બગાડી—નાખ્યો છેકજ નીચો પાડી
એબ કામને લગાડી—નીત્તી કીધી હાલ હવાલ.
બોડીસ આંગમાં તતરબન્દ—જોઇ ધની થાએ પસન્દ
માને તેમાં શું આનન્દ—કોટક જુવો તેમના હાલ.

૬

નહી મહજબનું જ્ઞાન—તેના સઘળી આ મોહકાન
માને બેહદીન અથોરનાન—સાચું કહે છે નશરવાન.
પેહલે દીયો ધર્મ બોધ—કરી પુરી ખણુ બોધ
રાખો જીગરમાં આ નોંધ—સાચવો જરતુસ્તી ઇમાન.
ખુબી મહજબની સહમજાવો—ડર ખુદાઇ દેખડાવો
નેકી કરવાને શીખાવા—રાઝી થશે યજદાન.
શીખવો અંદાજો આદાબ—પુરો રાખી તમે દાબ
તજો કેળવણી ખરાબ—થાશે નારો નીત્તી માન.
જેને કહો છો સુધારો—તેને માનુ હું કુધારો
તેમજ માનો દીનદારો—રોક કલમ હવે જાલ.
બોડીસ આંગમાં તતરબન્દ—જોઇ ધની થાએ પસન્દ
માને તેમાં શું આનન્દ—કોટક જુવો તેમના હાલ.